પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

Date : 04-11-2026 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

રાજ્ય સરકારના કર્મી - પેન્શનરોના ડીએમાં વધારો

દિવાળી પૂર્વે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના કર્મચારીઓ અને પેન્શનરોના હિતમાં મોંઘવારી ભથ્થામાં કેન્દ્રના ધોરણે ૩ ટકાનો વધારો કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ મંત્રીમંડળની બેઠકમાં લેવાયેલા આ નિર્ણય અંગે વિગતો આપતાં જણાવ્યું હતું કે, આ વધારાનો લાભ તા. ૧ જુલાઈ, ૨૦૨૬થી અમલી બનશે.

છઠ્ઠા તેમજ સાતમા પગાર પંચનો લાભ મેળવતા ૪ લાખ ૬૨ હજાર કર્મયોગીઓ અને ૫ લાખ ૦૭ હજાર નિવૃત્ત કર્મચારીઓ સહિત કુલ ૯ લાખ ૬૯ હજારથી વધુ પરિવારોને સીધો આર્થિક લાભ મળશે. તહેવારોની ઉજવણીને ધ્યાનમાં રાખીને જુલાઈથી ઓક્ટોબર ૨૦૨૬ સુધીના ૪ માસના એરિયર્સની રકમ નવેમ્બરના પગાર સાથે એક જ હપ્તામાં ચૂકવાશે. સરકાર આ એરિયર્સ પેટે રૂ. ૫૨૩ કરોડ ચૂકવશે, જ્યારે મોંઘવારી ભથ્થામાં વધારાના કારણે રાજ્ય સરકાર પર વાર્ષિક રૂ. ૧ હજાર ૫૬૯ કરોડનું વધારાનું નાણાકીય ભારણ વધશે.

રાજ્ય સરકાર દ્વારા રજા જાહેર

આગામી દિવાળીના તહેવારો દરમિયાન નવમી નવેમ્બરના રોજ પડતર દિવસે સરકારે રજા જાહેર કરી છે. જાહેર થયેલી દિવાળીની રજાઓ દરમિયાન નવમી નવેમ્બરે પડતર દિવસ હતો. જેને કારણે આ દિવસ દરમિયાન રજા ન હતી. પરંતુ રાજ્ય સરકારના કર્મચારીઓ પરિવાર સાથે દિવાળીના તહેવાર ઉજવી શકે તે માટે સરકારે નવમી નવેમ્બરે રજા જાહેર કરીને આગામી 28 નવેમ્બરના રોજ ચોથા શનિવારની રજાના બદલે તે દિવસે સરકારી કચેરીઓને કાર્યરત રાખવાનો નિર્ણય કરાયો છે. આ રજા રાજ્ય સરકારના, પંચાયત અને બોર્ડ નિગમના કર્મચારીઓ માટે જાહેર કરાઇ છે.

પૂર્વ કચ્છ પોલીસ વડા દ્વારા જવાનો સાથે દિવાળીની ઉજવણી

દિવાળી અને નવા વર્ષના પર્વ નીમિત્તે સરહદ પર દેશની સુરક્ષા માટે ફરજ બજાવતા બીએસએફના જવાનો સાથે પુર્વ કચ્છ જીલ્લા પોલીસ વડા સાગર બાગમારે દિવાળીની ઉજવણી કરી હતી. બેલા ખાતે બીએસએફની 21મી બટાલિયનમાં સરપ્રાઇઝ મુલાકાત લઇ જવાનોને મીઠાઇ આપી તહેવારની શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે ભચાઉ ડીવાયએસપી સાગર સાબડા, બાલાસર પીઆઇ એમ.જી. પરમાર, બીએસએફના કમાન્ડન્ટ અને જવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત બાલાસર પોલીસ સ્ટેશનના કર્મચારીઓ સાથે પણ દિવાળીની ઉજવણી કરી તેમને મીઠાઇ આપી શુભેચ્છા પાઠવી હતી.

પશુ અકસ્માત અટકાવવા અભિયાન

કચ્છમાં નવેમ્બરથી માર્ચ દરમિયાન પ્રવાસીઓની વધુ અવર-જવર રહેતી હોય છે. કલેક્ટરના માર્ગદર્શન હેઠળ, ભુજથી ધોરડો રોડ પર પશુઓ સાથેના અકસ્માતો અટકાવવા વિશેષ અભિયાન શરૂ કરાયું છે.

પશુપાલન વિભાગ, પોલીસ, RTO અને પ્રાણી ક્રૂરતા નિવારણ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે ૩૩૦ જેટલા ગાય અને ભેંસ વર્ગના પશુઓના શીંગડા પર રિફ્લેક્ટેડ લાલ રેડિયમ પટ્ટી લગાવવામાં આવી હતી. આ અભિયાન માર્ચ મહિના સુધી ચાલુ રહેશે તેમ નાયબ પશુપાલન નિયામક ડૉ. રાજેશ પટેલે જણાવ્યું હતું.

જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા શાળાઓની મુલાકાત

વર્ષ ૨૦૨૬ના પ્રથમ સત્રના અંતિમ દિવસે જિલ્લા શિક્ષણાધિકારી સંજયભાઈ પરમારે માધ્યમિક અને પ્રાથમિક શાળાઓની મુલાકાત લીધી હતી. તેમણે ઢોરી સરકારી શાળામાં તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરી ધોરણ ૧૦-૧૨ના વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી માર્ગદર્શન આપ્યું હતું અને વયનિવૃત્ત થનાર આચાર્ય વી. એમ. લાખાણીને વિદાયમાન પાઠવ્યું હતું.

આ કાર્યક્રમમાં ડી.વાય.એસ.પી. ક્રિશ્ચિયન અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત કુનરિયા અને થોરાર વાળી પ્રાથમિક શાળાની મુલાકાત લઈ મધ્યાહ્ન ભોજનની ચકાસણી કરી બાળકોને દિવાળીની શુભેચ્છાઓ પાઠવી હતી.

ખેડૂતોને કિટ વિતરણ

વિભાગીય સંશોધન કેન્દ્ર, ભચાઉ અને સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના ઉપક્રમે કચ્છના નર્મદા નહેર કમાન્ડ વિસ્તારના ગામના ૬૦ ખેડૂતોને રવિ પાક

નિદર્શન માટે કૃષિ કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કિટમાં જીરું, ઘઉં સહિતના બિયારણ, જૈવિક ઇનપુટ્સ અને ફળપાકના રોપાઓનો સમાવેશ થાય છે.

બાળકોને કપડા વિતરણ

જીનામ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ભુજની વિરામ હોટલ ખાતે જરૂરિયાતમંદ પરિવારોનાં બાળકો માટે વિશેષ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ સેવાયજ્ઞ અંતર્ગત ભુજના ૪૫૦ સહિત સમગ્ર કચ્છ જિલ્લાના ૮,૫૦૦ જેટલા બાળકોને તેમની પસંદગી અને માપ મુજબ નવા બ્રાન્ડેડ કપડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ધારાસભ્ય કેશુભાઈ પટેલ અને નગરપતિ શીતલ શાહ સહિતના અગ્રણીઓની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાયો હતો.. કાર્યક્રમને સફળ બનાવવા જીનામ ચેરીટેબલ ટ્રસ્ટના અગ્રણીઓએ જહેમત ઉઠાવી હતી.

ક્રિકેટ

ભારતે ન્યૂઝીલેન્ડને પાંચ વિકેટથી હરાવી પ્રથમ વન-ડે મેચ જીતવાની સાથે શ્રેણીમાં **1-0**ની સરસાઈ મેળવી છે. સ્કોટલેન્ડ ખાતેની મેચ વરસાદના અવરોધને લીધે ૩૨ ઓવરની કરી નાખવામાં આવી હતી અને વિજયી લક્ષ્યાંક ઘટાડી નાખવામાં આવ્યો હતો. ભારતે ૫ વિકેટ ગુમાવી ૧૪૩ રન કરી મેચ જીતી લીધી હતી. વિરાટ કોહલીએ સૌથી વધુ ૭૪ રન કર્યા હતા.

એ અગાઉ ન્યુઝીલેન્ડની ટીમ ૧૮૫ રનમાં આઉટ થઈ ગઈ હતી. ટિમ સૈફર્ટે સૌથી વધુ ૩૮ રન કર્યા હતા, જ્યારે અર્શદીપ સિંહે સૌથી વધુ ૪ વિકેટ ઝડપી હતી.
